શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

મે - ૨૦૦૬'

## પ્રેમનો ચોકીદાર

ક્રોધ એ લુહારના હથોડા જેવો છે. એક ધા અને બે ટુકડાં જયારે પ્રેમ એ સોનાની હથોડી જેવો છે. થોડીક માવજત અને વીંટી તૈયાર. આપણી પાસે કોઈ ન હોય એ બહુ મોટી ચિંતાનો વિષય નથી. પણ આપણું કોઈ ન હોય એ મોટી કરુણતા છે. જે કાંઈક કરી શકે છે. એજ કાંઈક વિચારી શકે અને જે વિચારીને કરે તેને માટે પ્રગતિ અને વિકાસના બારણાં ખુલ્લા હોય છે. તમે કેટલું પેદા કરો છો એ જીવનનો મોટામાં મોટો પ્રશ્ન છે. જયાં સુધી તમે વિચારીને પગલા નહી માંડો ત્યાં સુધી ખોટમાં જ રહેશો. જીવનમાં જે પરિસ્થિતિ હોય તે સ્વીકારી લેવી પણ પરિસ્થિતિના ગુલામ ન બની જવાય. દરેક માણસે પોતાની પરિસ્થિતિ પલટાવવાના પ્રયાસ કરવા જોઈએ. કુરાનમાં તો આદેશ છે કે જયાં સુધી વ્યક્તિ પોતાની હાલત બદલવા પ્રયાસ નહીં કરે ત્યાં સુધી કુદરત તેની હાલત બદલતી નથી. દિલના દરવાજે બેઠેલો પ્રેમનો ચોકીદાર જ તમારી પાસે આવતાં દુર્ગુણ અને આવેશને રોકી શકે છે. *સંકલન*

તા. ૧૫.૫.૨૦૦૬

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# ૫૬ મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

ભાઈશ્રી, બહેનશ્રી

આથી ઉપર્યુક્ત સંસ્થાના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૫.૬.૨૦૦૬ સાંજે ૪.૦૦ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈના પ્રમુખસ્થાને સંસ્થાની ઓફિસ ખાતે જણાવેલ કામકાજ માટે મળશે. કોરમના અભાવે મુલતવી રહેલી આ સભા એજ તારીખે અને એ જ સ્થળે અડધો કલાક બાદ ફરીથી મળશે.

## સભાનું કામકાજ

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી આપવા

૨) શૈક્ષણિક પારિતોષકોનું વિતરણ

૩) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ ની કાર્યવાહક સમિતિના અહેવાલને બહાલી આપવી

૪) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ ની પુર્ણ થયેલા વર્ષના અનવેષિત હિસાબી નિવેદનને બહાલી આપવી

૫) વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માટે અન્વેષકની નિમણુંક તેમજ તેમનું માનદ મહેનતાણું નક્કી કરવા.

૬) બંધારણ પરના સુધારા વધારા આવેલા હોય તો તે પર વિચારણા કરી તેને પસાર કરવા.

૭) ઠરાવો આવેલા હોય તો તેના પર વિચાર કરી તેને બહાલી આપવા.

૮) ચૂંટણીના પરિણામ જાહેર કરવા

૯) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે

૧૦) પ્રમુખશ્રીનું ભાષણ

**નોંધ :-** બંધારણ ઉપરના સુધારા વધારા જે સભ્યોને મોકલવા હોય તો તે તેઓએ લેખીતમાં મંત્રી શ્રી પ્રદીપ કડકીઆને તા. ૩૧.૫.૨૦૦૬ પહેલા પહોંચાડવા વિનંતી.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આ વર્ષે વિવિધ સમિતિઓમાં કામ કરવા ઈચ્છતા કાર્યકર્તાઓને વિનંતી કે તેઓ પોતાના નામ વહેલી તકે સંસ્થાના મંત્રી પ્રદીપ પ્રવીણચંદ્ર કડકિયાને પહોંચાડી દે જેથી તેના પર વિચાર કરી અમલમાં મુકવા સરળતા પડે.

*મંત્રી - પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીઆ*

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૯ | ૨ | ૧૪-૫-૨૦૦૬ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

ફોન : ૨૪૪૪૯૯૧૬ • ૨૪૪૪૯૯૨૯

☯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**

ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.

ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫

(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

☯

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# લક્ષ્મીજીનો યોગ્ય માર્ગ નક્કી કરો

*તંત્રી સ્થાનેથી*

***સ્વાતી*** *એનું નામ, સામાન્ય મરાઠી કુટુંબની વહુ, ભણેલી ગણેલી હોંશિયાર સ્ત્રી, વર હોંશિયાર પરંતુ કોઈ મોટી મહાત્વાકાંક્ષા નહીં. ૯ થી ૫ ની નોકરી કરીને જે મળ્યું એમાં સંતોષ. સ્વાતિ મહાત્વાંકાક્ષી અને નોકરી પાછી કરે સેલ્સ ટેક્સ ઑફિસમાં. મઝગાંવની મેઈન ઑફિસમાં નોકરી એટલે વિચારી જુઓ, ધારે તો ઉપરના કેટલા પૈસા કમાઈ શકે. સેલ્સ ટેક્ષ ઑફિસનું વાતાવરણ જ એવું કે કોઈ અલિપ્ત રહી જ ન શકે. સામાન્ય સંજોગોમાં હું ત્યાં જવાનું ટાળું કારણ કે ત્યાં હજી પણ એજ જુની ઘરેડમાં એક માણસ ફુટ પટ્ટીથી કાગળ ઉપર ઉભીને આડી લાઈનો દોરીને પછી ધીરે ધીરે મરાઠીમાં આપણને ન સમજાય એવી ભાષામાં મોટા મોટા શબ્દો ટપકાવતો જાય એકાદ બે કલાકે તેનું પાનું ભરાય એટલે દોરી વાળી ફાઈલમાં મુકીને આજના કામની સમાપ્તી કરે અને પછી કાપવા માટેના બકરાની શોધ શરૂ. પાછી અહીં તો સામેથી બકરાઓ આવે. વેપારીને ચોર જ સમજે અને એ ચોર પાસેથી ભાગ લેવો એને પોતાનો હક્ક ગણે. જ્યાં લાંચ લેવી એ પણ નોકરીનો એક ભાગ ગણાતો હોય એવા વાતાવરણમાં દિવસના આઠ કલાક ગાળતી સ્વાતિને મેં પુછ્યું, તમે ફલાણા સાહેબને ઓળખો ?*

સ્વાતિ કહે અહીં ઓળખાણ ફક્ત પૈસાની ચાલે છે. મારા વરના રીટર્ન ના પણ મારે પાંચસો ચુકવવા પડયા છે. મેં તો મારી બદલી એડમીનીસ્ટ્રેશન વિભાગમાં કરાવી લીધી છે. મને ફોગટનો કે અણહક્કનો એક પૈસો ના ખપે. મારા ઘરમાં ખોટી રીતે આવેલો એક રૂપિયો પણ ન જોઈએ. મધ્યમવર્ગની આ સ્ત્રીની ખુમારી જોઈને ખરેખર લાગ્યું કે ના હજી આવા માણસો આ દુનિયામાં છે. આવા ઉચ્ચ વિચારો ધરાવતી ધર્મભીરૂ પણ મહાત્વાકાંક્ષી સ્ત્રી આજે નોકરી પછી ઘરે આઠથી દસ ટયુશનો કરીને, રજાના દિવસે કેટરીંગ કરીને પોતાની મહાત્વાકાંક્ષા સંતોષવા પ્રયત્ન કરે છે. આજુબાજુના પૈસાવાળાઓની સુખસાહ્યબી જોઈને તેની મહાત્વાકાંક્ષા વધે છે પણ અસંતોષ નથી. ધીરે ધીરે મહેનત કરીને પોતાના ઘરને સજાવે છે. પણ ઘરની એક એક વસ્તુઓમાં પોતાની મહેનતનો પૈસો છે, અણહક્કનો નહીં એવો સંતોષ, એવી ખુમારી એના મોઢા ઉપર હંમેશા જોઈ શકાય છે. એ કહે છે પૈસા જેવી રીતે આવે એવી રીતે જ જાય છે. મને મારા ઘરમાં લક્ષ્મી જોઈએ અલક્ષ્મી નહીં. લક્ષ્મી અને અલક્ષ્મી બે બહેનો છે. પરંતુ અલક્ષ્મી એની બેનથી વધુ ચંચળ છે. એ તો આવતાની સાથે જ જવાના રસ્તાઓ શોધવા લાગે છે અને ક્યારેક તો જવાના રસ્તા એટલા પોહળા કરી નાખે છે કે બન્ને બહેનોને સાથે જવાનું આસાન બની જાય છે. સ્વાતિએ બીજી એક સરસ વાત કરી મને. નસીબમાં પૈસા હોય તો કોઈપણ રીતે આવે જ છે. એ આવવાના હોય ત્યારે તમારી આજુબાજુ ઘુમરાયા કરે અને તમારે ત્યાં આવવાનો રસ્તો શોધવા પ્રયત્ન કરે. તમે એને કયે રસ્તેથી આવવા દો છો એ તમારા હાથની વાત છે. આ વાત સમજાવતાં એણ એક નાનકડી વાર્તા કહી. એક જજ હતાં. ઉંમરલાયક દીકરીના પિતા, દીકરીના લગ્નની વેળા આવી અને પચાસેક હજાર રૂપિયાની જરૂર હતી. આજના કાળા કોટવાળા જજો માટે આ રકમ ઉભી કરવી એ તો એક આસાન બાબત ગણાય. એમની પાસે એક કેસ પણ આવ્યો. બે ભાઈઓના મિલ્કતના ઝઘડાનો. બહુ મોટા માણસની મિલ્કત હતી. બીજા ભાઈનું અણહક્કનું છીનવી લેવાની દાનત સાથે એક ભાઈ આ જજ પાસે આવ્યો અમને મિલક્તનો ચુકાદો પોતાના હક્કમાં આપો તો રૂા. પચાસ હજાર આપવાની તૈયારી દર્શાવી. પણ એ નોખા માટીના જજે એને ખરાબ શબ્દોમાં વખોડીને કાઢી મૂક્યો. જજનો મિત્ર બાજુમા હતો એને પુછયું, તારે આ પચાસ હજારની જરૂર હતી અને સામેથી લક્ષ્મી તને મળતી હતી એને તે હુકરાવી દીધી? જજે કહ્યું, 'એ પૈસા મારા નસીબમાં હશે તો આવશે, પણ હું આ દ્વારે તો એને નહીં જ આવવા દઉં.' થોડા દિવસ પછી એ જજ બસમાં જતાં હતા. (હા બસમાં, આવા લોકોને બસમાં જ ફરવું પડે.) બાજુમાં બેઠેલા શેઠ ઉતરતી વખતે પોતાની બેગ ભુલી ગયા. જજનું જ્યારે ધ્યાન ગયું ત્યારે બસ આગળ નીકળી ચુકી હતી. જજ ઘરે જઈને સાઈકલ લઈને બસસ્ટોપને આધારે શેઠનું ઘર શોધવા નીકળી પડયા. શેઠના હાથમાં જ્યારે એ બેગ આવી ત્યારે શેઠ પોતાની આગવી સ્ટાઈલમાં બોલી ઉઠયા, 'ડોબા બેગમાં

કેટલાં રૂપિયા છે તને ખબર છે.' જજ કહે વડીલ તમારી બેગ મને મળી અને એને આપને પહોંચાડવાની મારી ફરજ હતી. અંદર શું હતું એની સાથે મને શું નિસ્બત. વાત વાતમાં શેઠને ખબર પડી કે આ મુફલિસ લાગતો માણસ જજ છે. શેઠે પચાસ હજાર રૂપિયા જજ સામે ધર્યા પણ જજને આ પણ પોતાના અણહક્કના પૈસા લાગ્યા અને આ દ્વારેથી પણ લક્ષ્મીજીને પોતાની પાસે આવવા દેવાની ના પાડી દીધી. શેઠે ડ્રાઈવરને કહ્યું આમની સાઈકલ ગાડીમાં નાખ અને ઘર સુધી મુકી આવ. પાછળથી કાનમાં ફુંક મારી એનું ઘર જરા બરાબર જોઈને આવજે. ડ્રાઈવરે આવીને ખબર આપ્યા. શેઠ એક સામાન્ય જુનું ઘર છે. વર્ષોથી કલર પણ નથી કરાવ્યો. હા ઘરમાં થોડી ધમાલ જેવું લગ્ન જેવું વાતાવરણ લાગ્યું. શેઠ કહે ઠીક છે. જજે પૈસાની સગવડ ન થતાં ઉછીના પાછીના લઈને પ્રસંગ ઉપાડી લીધો. લગ્નના દિવસે શેઠ આવ્યા અને જજની દીકરીના હાથમાં પચાસ હજાર મુકતાં કહ્યું, તું આજથી મારી દીકરી છો અને તને એ સંબંધથી હું તને લગ્નમાં કરિયાવર આપું છું. ના નહીં પાડતી. જજની આંખો ભરાઈ આવી. એમણે પોતાના મિત્રની તરફ જોયું. જજની આંખોમાં મિત્રે ખુમારી વાંચી. લક્ષ્મી આ રસ્તે આવી તો એક નવો નિસ્વાર્થ સંબંધ પણ સાથે લઈને આવી. માથે મંડરાતી લક્ષ્મીને કોઈ આવતા રોકી ન શકે. ફક્ત એ ખોટે રસ્તે નથી આવતીને એ જોવાની જવાબદારી આપણી. સ્વાતિની વાત સાંભળી હું વિચારમાં પડી ગયો. થોડીવાર પછી મેં પુછ્યું, 'સ્વાતિ, લક્ષ્મીજીને આવવા માટેના રસ્તા આપણે નક્કી કરીએ પણ જવા માટે તો એને કોઈ રોકી શકે? સ્વાતિ કહે એ પણ આપણા હાથની વાત છે. એકવાર બજારમાંથી ઘરે આવી ત્યારે મનમાંથી અવાજ આવ્યો. પાછી જા. ઘણું ખરું હું મારા આત્માનો અવાજ સાંભળું. મને થયું શાક માર્કેટ ક્યાં દૂર છે. હું પાછી ગઈ. શાક માર્કેટના અંત સુધી જઈ આવી પણ કંઈ ન બન્યું. પાછા ફરતાં એક છોકરીને ફુટપાથ ઉપર રડતાં જોઈ. સંસ્કારી ઘરની છોકરીને જોઈને મેં એવા રડવાનું કારણ પુછયું. એની મા બિમાર હતી અને એની પાસે બસો રૂપિયા દવા માટેનાં ખુટતાં હતા. મારા મનમાં સ્ફુર્યું અને હું એને સાથે લઈને દવા અપાવી એના ઘરે મુકી આવી. અધીરા જીવથી મારાથી પુછાઈ ગયું પણ આમા આપણી વાત ક્યાં આવી? એ કહે મારા એ બસો રૂપિયા મારા માથા ઉપર જવા માટે મંડરાતા હતાં. કાં તોએ પૈસા મારું પર્સ કાપીને કોઈ ખીસાકાતરું લઈ જતે, કે મને કોઈ નાનકડો અકસ્માત થઈને ડૉક્ટર લઈ જતે. પરંતુ એ પૈસા એક સારા કાર્યમાં વપરાઈને સદ્‌માર્ગે ગયા એ જ આપણા હાથની વાત હતી. કેટલી સરળ ભાષામાં કેટલી મોટી વાત સ્વાતીએ કહી નાખી. ઘણા લોકો અંધશ્રદ્ધાથી કહે છે કે લક્ષ્મીજીની મૂર્તિ કે ફોટો લાવીએ તો એ બેઠેલા લક્ષ્મીજીનો લાવવો ઉભેલા લક્ષ્મીજી જલ્દી જતાં રહે છે. મને લાગે છે લક્ષ્મીજી ઉભેલા હોય કે બેઠેલા એને જતાં કે આવતા કોઈ રોકી શકતું નથી. આપણા હાથમાં ફક્ત એટલું જ છે કે આપણી પાસે આવવા માંગતા હોય તો કયા માર્ગે ગૃહ પ્રવેશ આપવો અને જવા માંગતા હોય તો કયા રસ્તે વિદાય આપવી એ આપણાં હાથમાં છે અને સ્વાતિ જેવા કાદવમાં ઉગેલા કમળ જેવા ફુલો તો લક્ષ્મીજીનું આસન છે. શું એ પણ એક સંકેત હશે?

✍ **નિખિલ પરીખ**

# બોધપાઠનો વિકલ્પ એટલે સ્વાભાવિક આદત :

અમેરિકના પત્રકાર નોર્મન કઝીન્સ તેના આત્મકથા સમી કૃતિ - Human Options માં વૈશ્વિકસ્તરે સન ૧૯૬૩માં લીધેલ વિશિષ્ટ મુલાકાતમાં જગતના નામાંકિત મહાપુરુષો સમક્ષ તમે જીવનમાંથી શો બોધપાઠ ગ્રહણ કર્યો ? એ પ્રશ્ન પૂછી, મનુષ્ય જીવની સાર્થકતા શેમાં રહેલી છે, તે સ્પષ્ટ કરે છે. પ્રથમ તે એક અમેરિકન ઈતિહાસવેત્તા, પ્રા. ચાર્લ્સ એ બર્કની પાસેથી જવાબ માંગે છે. પચાસ વર્ષની શૈક્ષણિક કારકિર્દી અને અપ્રતિમ સેવાના આધારે ચાર્લ્સ માત્ર ચાર વાક્યોમાં તેનો નિચોડ જણાવે છે :

૧. પુષ્પમાંથી રસ ચૂસી લેતી મધમાખી પણ નવસર્જનની પ્રક્રિયામાં પોતાનો સાથ આપે છે.

૨. ઘોર અંધકારભરી રાત્રિમાં પણ આભાના તારાલાઓ પોતાનો સ્વ પ્રકાશ પાથરતા હોય છે.

૩. સત્તામાં ચકચુર બનેલ માધાંતાઓનો નાશ ઈશ્વર ખૂદ કરે છે.

૪. ઈશ્વરના કારભારમાં દેર હશે, પણ અંધેર નથી. તેમાં ક્યારેય ન્યાય આપવામાં વિલંબ જણાતો હશે, પણ તેના ન્યાયમાં કાંઈ જ જોવાનું રહેતું નથી. પ્રભુને ત્યાં ધીમેથી દળાતું હશે પણ તેમાં ક્યાયે કચાશ જોવા નહિ મળે.

ડો. આલ્બર્ટ સ્વાઈટઝરે પ્રથમ એવું વિધાન કર્યું કે જિંદગીમાંથી હજી પોતે કાંઈ શીખ્યાં નથી. જેમાં તેમની નમ્રતાની દર્શન થાય છે. જિંદગીની વ્યાપકતા ને ગહનતા તથા તેની અટપટી માયાજાળમાંથી પોતે બોધપાઠ ગ્રહણ કરવાની દૃષ્ટિએ હજી પા પા પગલી ભરતા હોય એમ તેઓ માને છે. આમ છતાં વધારે દબાણ થતાં તેમણે ચાર તારવણી કાઢી બતાવી :

૧. તમારે કોઈ મુશ્કેલ કામ હાથ ધરવાનું હોય તો, તમારા મિત્રો-સહકાર્યકર્તાઓ તમારો માર્ગ સાફ કરી દે, તમારી મુશ્કેલીઓ દૂર કરે, એવી અપેક્ષા ક્યારેય ન રાખવી.

૨. પ્રભુને પ્રસન્ન કરવા યાત્રાધામના ચક્કર કાટવાની જરૂર નથી. સ્વયં આત્મનિરીક્ષણ કરતા શીખો. તે માટે પ્રથમ મનને શાંત-સ્વસ્થ બનાવવું પડશે.

૩. ધર્મ અને તત્વજ્ઞાનનો સમન્વય જિંદગીના ગૌરવમાં રહેલો છે. આથી સમાજે તે માર્ગે કદમ માંડવા પ્રયત્ન કરવાનો રહેશે.

૪. દુઃખમાં મને હંમેશ અંદરથી હિંમત-બળ મળ્યાં છે : અમે મારાં સહકાર્યકરો પરના વિશ્વાસમાં મને ભાવિની ઉજ્જવલતાના દર્શન થયા છે.

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન પંડિત નહેરૂએ જણાવ્યું કે તેમણે મહાત્મા ગાંધી પાસેથી એ બોધપાઠ લીધો કે પોતાના ધ્યેયને હંમેશ વળગીને રહો. તમને અન્ય માર્ગે દોરવી જવાના પ્રલોભનો ઘણાં આવશે કે જેથી તમે ધ્યેય-ચ્યુત થાવ. પણ તે વેળા મક્કમ મનથી તેનો સામનો કરજો.

૨. ઉત્તમ મિત્રો મેળવવા અતિદુર્લભ છે. તે મળે તો તેમને સાચવવા અને સાચી મૈત્રી ટકાવવાનું વિસરશો નહિ.

૩. અન્યની નાની સરખી ઉપકારની ભાવના પણ રાજકારણીઓએ યાદ રાખવી જોઈએ અને તે માટે કૃતજ્ઞતા દર્શાવવી જોઈએ. પરંતુ પોતાના મોટા

ઉપકારને બીજાઓ ગાઈ બજાવે કે પ્રંશસા કરે તેવી અપેક્ષા કદી ના રાખશો.

**૪.** કાર્યનું ક્ષેત્ર જેમ વ્યાપક બને અને જવાબદારીઓ વધતી જાય તેમ માણસ સ્વયં વધુ એકલતા મહેસુસ કરે છે.

તેરમા પોપ જહોને તટસ્થપણે જિંદગીનું મૂલ્યાંકન કરી ચાર મુદ્દાઓ બતાવ્યા :

**૧.** તે માત્ર કેથોલિક લોકોની જ નહિ પણ સમસ્ત વિશ્વની પ્રજાની જરૂરિયાતો અને તેમના આધ્યાત્મિક વિકાસ અંગે વિચાર કરતા હોય છે.

**૨.** બીજાને મદદ કરવામાં ક્યારેય ખચકાટ અનુભવશો નહિ. તે તક હાથમાંથી જવા દેતા નહિ.

**૩.** વિકાસ માટે દરેક વ્યક્તિનું પ્રદાન કિંમતિ જ હોય છે અને તે મારફતે પોતાના અસ્તિત્વની નોંધ તે આ વિશ્વમાં મૂકતો જાય છે.

**૪.** બે મહાસત્તાઓ વચ્ચે સમતુલા જાળવવા તેમણે મોટી ઉંમરે રશિયન ભાષાનો અભ્યાસ શરૂ કર્યો.

રશિયાના સરમુખત્યાર નિકિતા ક્રુશ્ચેવે જણાવ્યું કે તે નવું શિખવા હંમેશ તત્પર હોય છે. પોતે સામ્યવાદી નેતા હોવા છતાં મૂડીવાદી વિચારસરણીમાંથી કાંઈક જાણવા જેવું મળે તો વગર ખચકાટે તે સ્વીકારી લેતાં હોય છે.

અમેરિકાના પ્રમુખ જ્હોન કેનેડીએ જણાવ્યું કે પ્રજાને તમે પૂરતો સમય આપો અને યોગ્ય માહિતી પીરસો તો તે સાચો નિર્ણય લઈ શકે એમ છે, એટલો વિશ્વાસ રાખો.

સાપેક્ષવાદ સિદ્ધાંતના રચયિતા મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને પોતાની આગવી રીતે માનવ-જીવનનું રહસ્ય છતું કર્યું. તેમને ત્રણ વાતો બતાવી :-

**૧.** નાના બાળકોની કુતુહલવૃત્તિ પર હંમેશ ધ્યાન કેન્દ્રિત કરો. તેમાંજ અમૂલ્ય અને તાજગી બક્ષતા જ્ઞાનનો ખજાનો છૂપાયો છે.

**૨.** ન્યુક્લિયર એનર્જીએ વિશ્વમાં ભલે ઘણાં મોટા ચમત્કારો કર્યા. જીવનને ઊંચે ઉઠાવ્યું. પરંતુ તેના તરફ જોવાની આપણી અંદરની દ્રષ્ટિ ના બદલી શકયા.

**૩.** કોઈપણ નિર્ણય લેતાં પહેલાં જાતે તેની ચકાસણી કરો. ન્યુટન જેવા મહાન વૈજ્ઞાનિકની શોધને પણ તમે મૂળમાંથી તપાસો. બીજાના વિધાનો કે સિદ્ધાંતો વગર વિચારે ના સ્વીકારો.

આમ આપણે કેટલાંક મૂઠી ઊંચેરા માનવીનો જીવન તરફ જોવાનો અભિગમ જોયો. સંભવ છે કે આમાંથી કેટલીક વાતો આપણને સ્પર્શે અને આપણા જીવન વિકાસમાં તે ઉત્તમ સાબિત થાય.!

***□ રજૂકર્તા : ભગેશ કડકિયા***

## શૈક્ષણિક પારિતોષિકો–શાળા, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓ માર્ચ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને પારિતોષીકો આપવામાં આવે છે. જેમાં K.G., ધોરણ ૧ થી ૯, S.S.C., H.S.C., B.Com., B.A., B.D.S., C.A., L.L.B., Eng., M.B.B.S. વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે. તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાની માર્કશીટની Xerox Copy સાથે સંસ્થામાં પોતાના નામ આપી જવા. ઈનામ વિતરણ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

***તા.ક. : તા. ૩૦.૯.૨૦૦૫ સુધી આવેલ પરિણામોની વિગતો સંસ્થાની ઑફીસમાં તા. ૨૫.૫.૨૦૦૬ સુધી આપી જવી.***

# બાલાસિનોરના 'છોટે ગાંધી'ની ચિર વિદાય

□ પ્રવીણ દેસાઈ

ખાદીનો ઝભ્ભો, પાયજામો, કવચિત ખાદીનું જાકીટ અને સ્વસ્થ હતા ત્યાં સુધી આ મહાનગરમાં વ્યવસાયાર્થે એમની સ્કૂટર પરની આવન જાવન. સ્વ. રસિકલાલ મોજીલાલ ગાંધી (પાકા) જ્યારે મળે ત્યારે એમનો આ પરિવેશ. ક્યારેક સિક્કા નગરના ઘરથી દુકાન સુધીની વાયા મુલજી જેઠા માર્કેટ દિનકર કચેરીઆ-વરખાની મુલાકાત લઈ પગપાળા સફર. કદાચ પાછળના સમયમાં એમનો નિત્યક્રમ. અમે સૌ સાથી કાર્યકરો એમને 'મહાત્માં ગાંધી' કે 'છોટે ગાંધી'ના હુલામણા નામથી નવાજતા. એનું કારણ એમની નખશિખ પ્રામાણિકતા, સાલસતા, સમાજ સેવાની લગન અને રચનાત્મક કાર્યોથી સમાજ સેવાનો એમનો પ્રારંભ.

રસિકભાઈનો ખરો પરિચય મેળવવો હોય તો છેક ૧૯૪૦માં વર્ષમાં ૬૪ વર્ષ પહેલાંના એમની ૧૧-૧૨ વર્ષની ઉંમરના સમયમાં જવું પડે. ૨૦૦૬ના ૧૪મી એપ્રિલે અવસાન થયું. ત્યારે એમનું વય ૭૭ વર્ષ. સ્વ. કાન્તિભાઈ પરીખે ૧૯૪૦માં મુંબઈ છોડી વતન બાલાસિનોરમાં વસવાટ કર્યો. યુવા પ્રવૃત્તિઓની શરૂઆત વ્યાયમ શાળાથી કરી ત્યારે એની સ્થાપનામાં રસિકભાઈનું મહત્વનું યોગદાન. ૧૯૪૦ થી ૧૯૪૭નાં સાત વર્ષો સુધી તેઓ વ્યાયામ શાળા સાથે જોડાયેલા રહ્યાં.

૧૯૪૨ની રાષ્ટ્રીય ચળવળમાં આગેવાનીભર્યો ભાગ ભજવ્યો. ૧૯૪૩ થી ૧૯૪૭ સુધી ગાંધીજીની રેંટિયા વર્ગોની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રહ્યા. આ સમય દરમિયાન હિંદી ભાષાના વર્ગો ચલાવવામાં મહત્વનો ફાળો આપ્યો.

૧૯૪૭-૪૮માં ગ્રામ સેવા સમાજના નેજા હેઠળ તાલુકાના ગામડાંઓમાં પ્રાથમિક શિક્ષણના પ્રચારનું કામ કર્યું. પૂર્ણ સમયના ગ્રામ સેવક તરીકે ગામડાંઓના વિકાસાર્થે ગ્રામીણજનો વચ્ચે રહ્યાં.

કેળવણીમાં સવિશેષ રસ હોવાના કારણે શ્રી બાલાસિનોર કેળવણી મંડળમાં વિવિધ હોદ્દાઓ પર રહી, શાળાઓ તેમજ ટ્રસ્ટના સંચાલનમાં ઊંડો રસ લીધો. મંત્રી તરીકે ૧૯૭૩-૧૯૮૭-૧૯૯૯ પ્રમુખ તરીકે ૭ વર્ષ અને ૧૯૯૯ થી છેવટ પર્યંત ટ્રસ્ટી તરીકે કામ કર્યું.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘનાં પ્રથમ બંધારણીય પ્રમુખ બન્યાં. ૧૯૮૧ થી ૮૩ આજ સંસ્થામાં મંત્રી તરીકે ૧૯૬૫ અને ૧૯૭૨ના બે વર્ષ અને ૧૯૬૧, ૧૯૬૨નાં બે વર્ષ ખજાનચી તરીકે સેવા આપી.

કાગળના વ્યવસાયમાં હોવાના કારણે પેપર મર્ચન્ટસ એસોસીએશનમાં પણ વિવિધ હોદ્દાઓ પર રહી કામ કર્યું. એસોસીએશનના પ્રમુખ પણ બન્યા.

સાધન-સંપન્ન હોવા છતાં સાદગીભર્યું જીવન, આજીવન ખાદીધારી, ઉમદાદિલ કાર્યકર્તા, નાત-જાતના ભેદભાવથી પર સ્વ. રસિકલાલ મોજીલાલ ગાંધીએ જીવનભર સમાજ સેવાનાં કાર્યોમાં સંલગ્ન રહી આપણા સૌ માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે.

આજે જ્યારે જમાનો મિડિયાનો છે ત્યારે થોડું કરી વધારે ગાજતા કાર્યકરોની અપેક્ષાએ કાયમ મૂંગા મૂંગા કામ કરતા આવા સમાજ સેવકોથી જ આપણું સમાજ જીવન, સામાજિક કાર્યો રળિયાત બન્યાં છે.

બાલાસિનોરના આ 'છોટે ગાંધી'ને એમની 'ફાઈનલ એકઝીટ' અંતિમ વિદાય વેળાએ અમારી નતમસ્તક શ્રધ્ધાંજલિ અર્પણ કરતાં પુષ્પાબેન અને કુટુંબીજનોના દુઃખમાં સહભાગી બનીએ છે. રવિશંકર મહારાજે કહ્યું છે ને, 'સુખ વહેંચવાથી વધે છે, દુઃખ વહેંચવાથી ઘટે છે.'

*(પૂરક માહિતિ : મોહનભાઈ પરીખ - લાય)*

# બાળકોમાં સંસ્કૃતિના વિકાસ માટે સંભવિત ઉપાયો અને યોગદાન

*''સંસ્કૃતિ સંતાન, અમે તો સંસ્કૃતિ સંતાન*
*કરીએ પ્રભુનું કામ, અમે તો સંસ્કૃતિ સંતાન !*
*અમે ગર્જના વેદ તણી*
*અમે અર્ચના તત્વ તણી !*
*સુગંધ દેવા સળગી જઈશું,*
*થઈ જઈશું બલિદાન !... અમે તો.''*

આ ભાવગીતમાં કવિએ સંસ્કૃતિનો મર્મ સમજાવ્યો છે. જે દેશમાં આપણો જન્મ થયો તે માભોમ કઈ સંસ્કૃતિ પર ઊભી છે ? ''ખાવો, પીવો અને મજા કરો'' આ પાશ્ચાત્ય વિચારધારાને આપણી સંસ્કૃતિએ ક્યારેય અપનાવી નથી. આપણી સંસ્કૃતિમાં છે વેદ - તત્વના મૂળ. તે જાણવા આત્મસાત કરવા આ માનવ જીવન છે. ઉચ્ચ ઉન્નત વિચારો અને આદર્શ સંહિતા આપણી સંસ્કૃતિના ખુદ પાયામાં છુપાયા છે.

સમ્યક + કૃતિ - સંસ્કૃતિ. આ થઈ સંસ્કૃતિની વ્યુત્પત્તિ. વિશ્વ - નિયંતાએ નિર્માણ કરેલી અનંત કૃતિઓમાં શ્રેષ્ઠ કૃતિ મનુષ્ય છે. આથી ભગવાને ગીતામાં માનવને 'મમૈવાંશ' કહીને પોતાના જ એક અંશ તરીકે બિરદાવ્યો છે. આંગ્લ કવિ શેક્સપિયરે પણ Man is made in the Image of God એમ કહીને ઈશ્વરની યોગ્ય કૃતિ એવા મનુષ્યનું ગૌરવ વધાર્યું છે. પરમેશ્વરની આ શ્રેષ્ઠ કૃતિ માનવને સદૈવ શ્રેષ્ઠતાના ઉન્નત શિખર પર સ્થિર રહેવાનું માર્ગદર્શન આપતી. આપણા ઋષિમુનિઓએ સર્જેલી વિચાર પ્રણાલી તેમજ તદનુકૂળ આચાર સંહિતાનો પણ કાળક્રમે સંસ્કૃતિમાં સમાવેશ થયો. આ વિચારોને સૂત્રરૂપ આપી તેને પ્રતીકો દ્વારા પ્રગટ કર્યા. તેમ જ આચાર-સંહિતામાં રહેલી શુષ્ક ઉપદેશની જડતા દૂર કરવા શાસ્ત્રકારોએ વિભિન્ન પ્રકારના ઉત્સવો સર્જયા. યોગ્ય અર્થમાં આ પ્રતીકો સમજાય અને ઉત્સવો ઉજવાય તો સંસ્કૃતિ કોઈપણ કાળે પુનર્જીવિત થાય કારણ, આ પ્રતીકોમાં બુદ્ધિનો વૈભવ છૂપાવ્યો છે. તો ઉત્સવોમાં ભાવનો પ્રવાહ વ્હેવડાવ્યો છે. માણસ એટલે જીવંત મન-બુદ્ધિનો સમન્વય. તેની ખીલવણીની પરીક્ષા. તેની સંસ્કૃતિ ભાવની કસોટી. આ મન-બુદ્ધિ આપણે કેવી રીતે વિકસાવ્યાં છે. તેના પર અવલંબે છે. Our Civilisation is what we use and our Culture is what we live - આ સૂત્રમાં પણ વિચારોને આચારમાં કેવી રીતે વણી લીધા છે. તેના પર સંસ્કૃતિનું મૂલ્ય અંકાય છે. સંસ્કૃતિને દેશ કે કાળની કોઈ મર્યાદા નડતી નથી. તેમાં રહેલી શ્રેષ્ઠતાનો નિઃસંકોચ સ્વીકાર એ જ બુદ્ધિમાન મનુષ્યનું લક્ષણ છે.

આપણાં શીર્ષકમાં આપણી આ સંસ્કૃતિ આપણા બાળકોમાં પૂરી ઊતરી નથી. એનો બળાપો, તેનો વિષાદ, ખૂંચતો હોય એમ સ્પષ્ટ થાય છે. ઉપાય સમસ્યાનો હોય, મુંઝવણનો હોય, અંતર-વેદનાનો હોય આથી આપણો અભિગમ પણ તે તરફનો રહેવો જોઈએ. વિશ્વ જ્યારે વિજ્ઞાન-ટેકનોલોજીના ક્ષેત્રે હરણફાળ ભરી નાનું બની ગયું છે. ત્યારે અરસપરસના દેશો, પ્રજાઓ તથા તેમની વિચાર સરણીની અસર પછી તે સંસ્કૃતિક બાબત હોય યા જીવનના વ્યવહાર અંગેની હોય. એકબીજા પર ઓછી વત્તી અવશ્ય પડવાની. તે વેળા તમે અલગ ચોકો બનાવી અલાયદું જીવન જીવી ના શકો. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ આપણે આપણી મૂળ સંસ્કૃતિને કેવી રીતે સાચવશું ? આ સંક્રાંતિકાળ દરમ્યાન આપણા બાળકો, જે વિશ્વના ભાવી નાગરિકો થવાને સર્જાયા છે. તેને આપણી

સંસ્કૃતિથી વાકેફ કરવા તેમના સંસ્કારનું સિંચન કરી ઉત્તમ વ્યક્તિ બનાવવા શું પગલાં લઈ શકાય. તેનો વિચાર કરવો રહ્યો. બાહ્ય વિજ્ઞાનની દોટ સાથે આત્મજ્ઞાનનું પલ્લું સમતોલપણું નહિ સાચવે તો અધોગતિ છેટે નથી?

આ પાયાની સમસ્યા માટે આપણા પૂર્વજોએ ઉત્તમ ઈલાજ દાખવ્યો હતો. પોતાના બાળકો થોડાં સમજણા થાય કે તેઓને તપોવનમાં આવેલ ગુરૂકુળમાં મૂકી આવતાં. આમ બ્રહ્મચર્યાશ્રમનો મહિમા જાળવી તેમણે આપણી સંસ્કૃતિનું સંવર્ધન કર્યું. પણ હવે જમાનો બદલાયો છે. આજે આપણી પાસે નથી રહ્યાં તપોવનના વિદ્યાલયો, ન ઋષિતુલ્ય ગુરૂજનો કે ન તો તે કાળની શિક્ષણ પ્રાણાલીઓ. વસ્તી વધારા સાથે, વિજ્ઞાનનો વિકાસ જોતાં હવે બીજો કોઈ વિકલ્પ શોધવાની આવશ્યકતા ઊભી થઈ છે. તે વિના સંસ્કૃતિ-વિકાસ કે ઉત્તમ કેળવણી શક્ય નથી.

આધુનિક કાળમાં આ લક્ષ્યને પહોંચી વળવા કેટલાંક સંતો-શિક્ષણવિદોએ વિધવિધ પ્રયોગો કર્યા છે. તેના પર નજર કરશું તો આપણી સમસ્યાનો ઉકેલ કદાચ તેમાંથી આપણને જડી આવશે. વિશ્વના વિશાલ ફલક પરથી જોશું. તો વિકાસના ત્રણ મુખ્ય પ્રવાહો દેખાશે.

**(૧) ભૌતિક વિકાસ :** અહીં બાહ્ય વિકાસના લક્ષણો ધ્યાનમાં લીધાં છે. **દૈહિક વિકાસ :** શારીરિક સૌષ્ઠવ અને બાહ્ય સૌન્દર્યલક્ષી વિકાસ. આર્થિક વિકાસ - જેના કેન્દ્રમાં માત્ર પૈસો છે, તે માટે વેઠવી પડતી બધી યાતનાઓ કબૂલ. સામાજિક રીતરિવાજો ને વ્યવહાર જેમાં પરિવાર કેન્દ્રમાં છે વિગેરે.

**(૨) સાંસ્કૃતિક વિકાસ :** અહીં માનવીય મૂલ્યોનું જતન થઈ શકે તે માટેની કેળવણી મુખ્ય છે. કોઈ પણ સમાજની ઉન્નતિનું માપદંડ કયું ? તેને પ્રાપ્ત કરેલ અને ટકાવેલ સાંસ્કૃતિક વારસો. તેના જીવન કવનમાં તે વણાયો હશે તો સમાજ વિકાસ માર્ગે આગળ વધશે.

**૩. આધ્યાત્મિક વિકાસ :** સ્વનો વિકાસ. તે માટે આત્મચિંતન અને ધ્યાનાદિનો માર્ગ ચીંધ્યો છે. હવે આપણે સાંસ્કૃતિક વિકાસની ઊણપો દૂર કરવા હાથ ધરાયેલા પ્રયોગો તપાસીએ. છેલ્લા પચાસ વર્ષોથી આપણી સંસ્કૃતિના મૂળ ઉખેડાઈ ના જાય અને દેશ-પરદેશમાં આપણી અસ્મિતા જળવાઈ રહે તે માટે બાળકોને કેન્દ્રમાં રાખી સ્વામી ચિન્મયાનંદે, ચિન્મય મિશનની સ્થાપના કરી. આપણા માટે બાળ વિહારનો કાર્યક્રમ આપ્યો. તેમાં જુદી જુદી વયના બાળકોના ગ્રુપ પાડી દરેકના અલગ બાળ-સંસ્કાર કેન્દ્રો ઊભા કર્યાં. તેના સંચાલનની જવાબદારી અભ્યાસી બહેનો તથા આચાર-સંહિતાનું પાલન કરી જીવતાં યુવકોને સોંપી. ચાલુ જીવન સાથે તેના અભ્યાસ જોડે મેળ બેસાડી રજાના દિવસોમાં આ વર્ગો ચાલુ કર્યા. તેમાં હસતાં-રમતાં કુમળી વયના બાળકો અંગ્રેજી માધ્યમ દ્વારા આપણી વૈદિક સંસ્કૃતિનું રસપાન કરે તે મુખ્ય હેતુ હતો. એમાં આપણા રામાયણ અને મહાભારતની બોધકથાઓ. ઉત્તમ બાળગીતો, સંસ્કૃતના શ્લોકોનું પારાયણ, રમતો તથા આપણા ઉત્સવોની પાછળનો મહિમા વિગેરે સમજાવતાં. આમ એક સંસ્કારી સમાજ નિર્માણ કરવાનું બીડું તેમણે ઝડપ્યું. સમાન વિચારોના બાળકો વચ્ચે મૈત્રી બંધાય અને ઉન્નત જીવન તરફ તેઓ વળે એ હેતુ પણ તેની પાછળ હતો. યુવાનો માટે ગીતાજ્ઞાન યજ્ઞોની પરંપરા ઊભી કરી તેમણે નૈતિક વાતાવરણનો એક માહોલ ઊભો કર્યો. આ સાથે ઉત્તમ સાહિત્ય સર્જન. બાળકો માટે 'બાલ વિહાર' માસિકનું પ્રકાશન, સંગીતમય કેસેટો વિગેરે તૈયાર કરી પ્રજાની જ્ઞાનપિપાસ સંતોષી. આ સઘન કાર્ય માત્ર ભારત પૂરતું મર્યાદિત ન રાખતાં તેનો અનેક દેશોમાં ફેલાવો કર્યો. આ ઉજ્જવલ દીપજ્યોત આપણાં બાળકોના સાંસ્કૃતિક

વિકાસમાં અવશ્ય યોગદાન આપી શકે એની સક્ષમ છે. આવો જ એક પ્રયોગ પૂ. આઠવલે દાદાએ **સ્વાધ્યાય** પરિવારના બાળકો માટે આપ્યો તે મુજબ પરદેશમાં દર રવીવારે **સ્વાધ્યાયના** વર્ગો ચાલે છે. તે વેળા બાળકોનાં સંસ્કાર કેન્દ્રો પણ શરૂ કર્યા. તેમાં બાળ-શિક્ષણથી કેળવાયેલી એ ભક્તિ રંગે રંગાયેલી બહેનો તથા તેવા જ ભાઈઓને તેના સંચાલનપદે સ્થાપી, તેમા હાથમાં આ બાળકોને સંસ્કાર સિંચવાની જવાબદારી સોંપી. અહીં પણ વય અને અભ્યાસ મુજબ વર્ગો પાડી બાળકોને તેમને લાયક શિક્ષણ આપવાનો પ્રયોગ અજમાવ્યો. ભાવગીતો, આપણી સંસ્કૃતિને અનુકૂળ વાર્તાઓ, ખેલકૂદ ને રમતો, સંસ્કૃતિના શ્લોકોનું પારાયણ તથા ભાવફેરી ને અર્થસભર ઉત્સવો વિગેરે દ્વારા તેમનામાં આપણી સંસ્કૃતિનું ગૌરવ પેદા કરી રહ્યા છે. આ બધુ નિઃશુલ્ક અને નિઃસ્વાર્થભાવે આથી નૈતિક વાતાવરણ ઊભું થાય. બાળકોમાં સંસ્કૃતિનો વિકાસ કરવાના ઉત્તમ ઉપાય તરીકે આવા પ્રયોગો ખૂબ જ મહત્વના નિવડશે એમાં બે મત નહિ. ચોપાસે ભૌતિક વાતાવરણ વચ્ચે અને પૈસો મારો પરમેશ્વર એ ડોલર કેન્દ્રિત માહોલમાં આવા સંસ્કારના મથકો આપણી સંસ્કૃતિનું સંવર્ધન કરવા યોગ્ય અને ભાવી જીવનની ઉજ્જવલ આશા સમાન જણાય છે. સંઘબળ આપણી સંસ્કૃતિનો પરિચય માતૃભાષાનો મહિમા તેમજ રમતગમતની સાચી સમજ તથા વિચારપૂર્વકની ઉત્સવોની ઉજવણી આ બધી તેની ફળશ્રુતિ સમજો.

હવે આપણી ધાર્મિક સંસ્થાઓ તથા સ્વામી નારાયણ પંથ અને લિટરરી સોસાયટીઓ પણ આ ક્ષેત્રે પગ માંડી રહે છે. ટૂંકમાં ચોમેરથી આપણો સંસ્કાર વારસો જળવાઈ રહે અને આપણી સંસ્કૃતિ બાળકોમાં જીવંત રહે છે તથા તેમનો આગવો વિકાસ થાય એવી પ્રવૃત્તિઓ ખીલતી ગઈ છે. આપણી જાગ્રતીનું આ દ્યોતક છે. આપણા પત્રો તેમજ માસિકો પણ આની સાથે કદમ મિલાવી રહ્યાં છે પછી તે ગુજરાત દર્પણ કે ગુજરાત ટાઈમ્સ હોય યા વતન કે માતૃભાષા. સૌનો તેમાં ફાળો છે. આપણી જાગતિક સમસ્યાના હલ માટે આરંભાયેલું આ મહાભિનિષ્ક્રમણ ભાવી પેઢીનાં સાંસ્કૃતિક વિકાસ માટે ઉત્તમ નજરાણું પૂરવાર ન થાય તો નવાઈ? આપણા એક ભાવગીતમાં આ ભાવને સુંદર રીતે ઝીલ્યો છે :

*''દ્વેષ તજીને જીવમાત્રનો પ્રેમ અમીરસ પાય,*
*વાણીમાં વાત્સલ્યનું ઝરણું નિશદિન જો છલકાય !*
*સંસ્કૃતિનું ચિંતન કરતાં ઋષિજીવન બની જાય - તારો જ ખરો સ્વાધ્યાય.''*

આપણા આ કથનનું સમાપન આપણી સંસ્કૃતિની અસ્મિતાને ટકાવતી આપણી સંઘ-પ્રાર્થના મારફતે કરીએ.

*ૐ સહનાવવતુ, સહનૌ ભુનક્તુ*
*સહવીર્ય કરવાવહી : મા વિદ્વિષાવહી :*
*ૐ શાંતિ : શાંતિ : શાંતિ ।।*

*- રજૂકર્તા - ભગેશ કડકિયા*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# નોટબુક રાહત યોજના

ગત વર્ષની મુજબ ચાલુ વર્ષે પણ આપ સૌની જરૂરિયાત ધ્યનામાં રાખી બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ રાખવામાં આવેલ છે.

**કોલેજ (લોંગબુક) ૧૮૮ પેજ એક ડઝનના રૂા. ૮૫/- જમ્બો નોટબુક મોટી સાઈઝ ૧૮૮ પેજ રૂા. ૬૦/-**

**આ વેચાણ તા. ૨૮.૫.૨૦૦૬ રવિવારથી તા. ૪.૬.૨૦૦૬ રવિવાર સુધી રાખવામાં આવેલ છે.**

### શહેર વિભાગ

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦, અરદેશ દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**સમય** : સોમવારથી શનિવાર સાંજે ૭ થી ૮, રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦

### પરા વિભાગ :

૧) શાહ હેમેન્દ્ર રમણલાલ (ચકવા) : સી - ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ)
સમય - રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦

૨) પરીખ હીરાલાલ મણીલાલ (ડાબલી) : ૨૪/એ, કૈલાસ નગર, શંકરગલી, કાંદીવલી (વેસ્ટ)
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦

૩) દેસાઈ હિમાંશુ હરીશભાઈ : ૯/૧૨ ઘાસવાલા કમ્પાઉન્ડ, એમ.વી.રોડ, અંધેરી (વેસ્ટ),
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦

***નોંધ :*** ચાલુ વર્ષે આપેલી પરીક્ષાની પરીણામની નકલ સાથે લાવવી જરૂરી છે. વહેલો તે પહેલોના ધોરણે નોટબુક આપવામાં આવશે.

***મંત્રી - પ્રદીપ કડકીઆ, સંયોજક : ગોપાલ કડકીઆ***

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
# નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો **તા. ૧.૫.૨૦૦૬ થી ૩૦.૫.૨૦૦૬** સુધી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગત સાથે આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે તથા સંયોજકોની ઓફિસમાં મે. એલાઈડ ઈલેકટ્રીક કાું., ૨૯ બી, ભાંગવાડી, બીજે માળે, કાલબાદેવી રોડ, મુંબઈ-૪ ખાતે ઓફિસ દરમ્યાન મળશે.

***નોંધ :*** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૧૧.૬.૨૦૦૬ના રવિવારે સંસ્થાની ઓફિસમાં કરવામાં આવશે.

***સમય :*** ૧૦ થી ૧ જુના અરજીપત્રકો તથા તેમની ઝેરોક્ષ કોપી સ્વીકારવામાં આવશે નહીં. નવા અરજીપત્રકો સ્વીકારવામાં આવશે. ચાલુ વર્ષે આપેલી પરીક્ષાના પરિણામની નકલ અરજીપત્રક સાથે આપવાની રહેશે.

***મંત્રી - પ્રદીપ કડકીઆ, સંયોજક : ગોપાલ કડકીઆ***

# શ્રી બા. ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

હાસ્ય એ તો આરોગ્યની ચાવી છે. વ્યસ્ત, દોડધામ અને તાણયુક્ત જીવનમાં હાસ્ય ખુબ જ જરૂરી છે. નિર્દોષ હાસ્ય તન-મનને તંદુરસ્ત રાખવામાં અગત્યનો ફાળો આપે છે. આથી આ વર્ષનો બીજો કાર્યક્રમ હાસ્યથી ભરપુર નાટક 'બળવંત અને બબલી' રાખવામાં આવ્યું છે.

ફિરોઝ ભગત દિગદર્શિત પ્રવિણ સોલંકી લીખીત તેમજ ટીકુ તલસાણિયા અને વંદના પાઠક અભિનિત 'બળવંત અને બબલી' નાટક ગુરુવાર તા. ૮.૬.૨૦૦૬ના રોજ રાત્રે બરાબર ૮.૧૫ કલાકે તેજપાલ ઓડિટેરીયમ, ગોવાલિયા ટેંક ખાતે રાખવામાં આવેલ છે. ટીકીટો વહેલો તે પહેલાના ધોરણે અને લોટરી પધ્ધતિ પ્રમાણે આપવામાં આવશે. ટીકીટો મંગળવાર તા. ૩૦.૫.૨૦૦૬ના રોજ સંસ્થાની ઑફિસમાંથી બપોરે ૩ થી ૫ દરમિયાન આપવામાં આવશે. સૌ બહેનોને વિનંતી કે મોટી સંખ્યામાં ટીકીટો મેળવી સજોડે સમયસર હાજર રહી કાર્યક્રમ સફળ બનાવશો.

વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૭નું લવાજમ જે બહેનોનું બાકી હોય તેમણે બને તેટલું જલદી ભરી જવું. **છેલ્લી તારીખ ૩૧.૭.૨૦૦૬ રહેશે**

**ટીકીટ વ્યક્તિ દીઠ** – **Row A to R - Rs. 80/-**

**S to V - Rs. 60/-**

□ ***નીના કડકીઆ - ૨૩૬૭૩૪૨૦***

---

# વાડાસિનોર પ્રગતિ સમાજ
# કો. ઑપ. ક્રેડિટ સોસાયટી

**માનનીય શેરહોલ્ડર સભ્ય (ભાઈઓ/બહેનો)**

ઉપરોક્ત સોસાયટીની ૨૦મી વાર્ષિક સામાન્ય સભા ગુરુવાર તા. ૧૫.૬.૨૦૦૬ના રોજ સાંજે ૭.૩૦ વાગે, તેજપાલ ઓડીટોરીયમ ખાતે શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆ (R.R.) ના પ્રમુખ સ્થાને રાખવામાં આવી છે. તો સૌ શેર હોલ્ડર સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

આપણા મેમ્બરોની સગવડતા ખાતર સમાજની ઑફીસમાં ફેબ્રુઆરી-૨૦૦૬ થી કામકાજનો સમય નીચે મુજબનો રાખવામાં આવ્યો છે. તેની આપ સૌ મેમ્બરોએ નોંધ લેવા વિનંતી છે.

(૧) રોકડા (Cash) : લેવાનો સમય સવારે ૧૧ થી સાંજના ૪ વાગ્યા સુધી

(૨) ચેક (Cheque) : લેવાનો સમય સવારે ૧૧ થી સાંજના ૬ વાગ્યા સુધી રહેશે.

૧૮મી વાર્ષિક સામાન્ય સભા તા. ૮.૬.૨૦૦૪ના રોજ મળી હતી. તેમાં શેર-હોલ્ડરોને ગીફ્ટ એક ગ્રામ સોનાનો સિક્કો આપવાનું નક્કિ કર્યું હતું. તે ગીફટ હાલમાં જે સભ્યો ન લઈ ગયા હોય તેઓએ સમાજની ઑફિસમાંથી સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬ ના સમય દરમ્યાન મેળવી લેવા વિનંતી છે.

કારોબારી સમિતિએ નક્કિ કર્યા મુજબ ગીફટ તા. ૩૧.૫.૦૬ સુધી જ આપવામાં આવશે. જેથી સભ્ય ભાઈઓ બહેનો તે પહેલાં લઈ જવા વિનંતી છે.

***લી. વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રે.સો.લી.***
***કારોબારી સમિતિ વતી***

# ચિંતન ચંદરવો
# બે આંખની શરમ

એક નવીજ સંસ્કૃતિનો ઉદય થઈ રહ્યો છે. એનુ નામ છે ''લેવડ દેવડીયા''. સંસ્કૃતિ માનવ સંબંધો ભાખરી બાંધવાના લોટ જેવા છે. જેમા લાગણીનું મોણ ન હોય તો ન ચાલે. લેવડ-દેવડ અનિવાર્ય છે. એના વગર સમાજ ચાલી જ ન શકે. પરંતુ લેવડ-દેવડ પણ ''સ્નેહદિક્ષા'' પામે છે. મારી વાત ગળે ન ઉતરે તો ભાઈને રાખડી બાંધતી હોય ત્યારે કોઈ બહેનના ચહેરા પરના ભાવ નીરખવાનું રાખશો. એ ચહેરા પર લાગણીનું કાવ્ય વાંચવા મળશે. બધુંજ વેચી શકાય અને બધુજ ખરીદી શકાય એવા બજારિયા સમાજમાં જીવવા કરતાં તો હું આફ્રિકાના જંગલમાં હરણોના ટોળામાં હરણ બનીને જીવવાનું વધારે પસંદ કરૂ.

આજકાલ બધીજ બાબતો વેચાઉ (બિકાઉ) બનતી ચાલી છે. સ્ત્રીનું સૌંદર્ય વેચવાથી પૈસો મળે છે ને ? તો એને વેચવા કાઢો. નગ્નતા વેંચવામાં નફો થાય તો નગ્નતા વેચો. ઈમાન-ધર્મ વેચવાથી માલામાલ થઈ જવાતું હોય તો ઈમાનને મારો ગોળી માહ્યલો ગીરવી મૂકવાથી દહેજની રકમ જો તગડી થતી હોય તો માંહયલાને પલીતો ચાંપો. ગમે ત્યાંથી ગમે એમ કરીને અને ગમે તે ભોગે પૈસા મળે એટલે પત્યું. આપણું શરીર પંચમહાભૂતનું બનેલુ ગણાય છે. આજના યુગમાં પૈસો છઠ્ઠો મહાભૂત બની ગયો છે.


મારી પાસે લાડુ છે. હું એકલોજ આરોગી જાવ એવી વૃત્તિ થાય એ મારી પ્રકૃતિ ગણાય. મારી પાસે લાડુ નથી. પણ બીજા પાસેથી હું એ લાડુ ઝૂંટવી ને ખાઈ જાઉં તો એ મારી વિકૃતિ ગણાય. મારી પાસે લાડુ છે તે બીજા સાથે વહેંચીને ખાઉં તો મારી સંસ્કૃતિ, પ્રકૃતિ-વિકૃતિ અને સંસ્કૃતિથી પર એવી માણસાઈના મેઘ ધનુષ્યને ''માતા'' કહેવામાં આવે છે. એ પોતાના ભાગનો લાડુ જતો કરીને અન્યને ખવડાવે છે. અને એમ કર્યા બદલ ઉંડો પરિતોષ અનુભવે છે. આવુ બને ત્યારે તે ક્ષણ અને તે સ્થળે તીર્થ રચાય છે. દુનિયા આવી અસંખ્ય તીર્થ ઘટનાઓને કારણે ટકી રહી છે. ક્યારેક કોઈ માતા પોતાના દીકરાને બધુજ આપે છે અને બદલામાં રોકડી અશાંતિ પામે છે. પરબડીએ શીતળ જળ પામ્યા પછી જળ પીનારો જળ પિવડાવનારને તમાચો મારે ત્યારે સંસ્કૃતિ અરણ્યરૂદન કરતી હોય છે.

બે આંખની શરમનો દુકળ પડે ત્યારે જીવન ને ખૂબજ સહન કરવું પડે છે. દ્રોપદીનું વસ્ત્રહરણ થઈ રહ્યું હતું ત્યારે બે આંખની શરમનો કારમો દુકાળ કૌરવસભામાં પડેલો. રામને મર્યાદાપુરૂષોત્તમ કહ્યાં. કારણ કે તેઓ બે આંખની શરમ નડે એવા સમાજનું સમણું સેવનારા મહામાનવ હતાં. જો બે આંખની શરમ નડી ન હોત તો તેમણે કૈકેયીને લોફો લગાવી દીધો હોત. કોઈપણ સમાજ બે આંખની શરમ વગર ટકી ન શકે.

# વિશ્વસનીયતા નું અવમૂલ્યન

માનવીના વ્યવ્હારમાં આજકાલ ચાર શબ્દો રાજ કરે છે. ''લુચ્ચાઈ'', ''ગણતરી'', ''લોભ'' અને ''ડિપ્લોમેસી''. આ ચાર ખલનાયકો ભેગા મળીને એક શબ્દના પ્રભાવ ને ખત્મ કરતાં રહે છે. તે છે ''ભરોસો'' પ્રત્યેક દિવસ વીતે છે અને ભરોસાના ભાવ ઘટતાં જાય છે. આજનો માણસ ચાલાકીના અભિશાપો વેઠી વેઠીને બેવડ વળી ગયો છે. માણસ સ્વભાવે પ્રેમભૂખ્યો અને લાગણી તરસ્યો હોવા છતાં તે પામી શકતો નથી.

*સંકલન- નદંલાલ ગઢીયા*

# વાડાસિનોરના વર્તમાન... 

➢ નગરપાલિકાનું વાર્ષિક અંદાજપત્ર રૂા. ૧ કરોડ ૬૩ લાખની પુરાંતવાળું સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે. સદર બજેટમાં સ્મશાન તેમજ કબ્રસ્તાન વગેરે વિકાસ કાર્યો માટે જોગવાઈ કરવામાં આવી છે.

➢ બાલાસિનોર કૉલેજના આચાર્ય ડૉ. મનુભાઈ પાઠકના દુઃખદ અવસાનથી આચાર્યની ખાલી પડેલી બેઠક પર અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રો. શૈલેન્દ્રભાઈ જે. ભટ્ટની કાર્યકારી આચાર્ય તરીકે વરણી કરવામાં આવી છે.

➢ બાલાસિનોર આરોગ્ય વિભાગના નેજા હેઠળ ‘પથિક’ થિયેટરનું નાટક, મામલતદાર કચેરી સામે - નિશાળના ચોકમાં ભજવવામાં આવ્યું. જાણીતા મિમિક્રી કલાકાર શ્રી કાંતિ પટેલ સ્થાપિત ‘પથિક’ થિયેટરના આ નાટકમાં અધિકારીઓ તેમજ નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

➢ આર.ટી.ઓ.ની તપાસમાં સિત્તેર જેટલા વાહન ચાલકો ઝડપાયા હતા. નડિયાદ આર.ટી.ઓ. કચેરીના ઈન્સપેક્ટર સી.એન.રાઠોડ તથા બાલાસિનોરના પી.આઈ. જી.પી અને પોલીસ સ્ટાફ દ્વારા વાહન નંબર સાથે ચેડાં કરનાર વાહન ધારકોની તપાસ કરવામાં આવી હતી. પચાસ વાહનોના નંબર લખાયા અને ચાર સામે કેસ, ચારને મેમો આપી એક ગાડીને રોકવામાં આવી હતી. ધારાસભ્ય રાજેશ પાઠકની રજૂઆત પગલે કલેકટરના આદેશથી સદર કાર્યવાહી કરવામાં આવી.

➢ રાજ્યના પ્રવાસન સ્થળમાં મહી નદી પર આવેલા અને બાલાસિનોર નજીકના વણાકબોરી ડેમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

➢ કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં આંખના ઑપરેશન મફત કરવામાં આવશે અને નેત્રમણી મૂકવામાં આવશે. અમદાવાદના આંખોના નિષ્ણાત ડૉ. અરુણભાઈ દ્વારા ઑપરેશન કરવામાં આવ્યાં હતાં.

➢ ૨૦૦૬-૨૦૦૭નું બાલાસિનોર તાલુકાનું રૂા. ૨,૬૯,૭૦,૨૫૧ની પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું.

➢ સ્વામીનારાયણ મંદિરના ૧૬૫મા પાટોત્સવ નિમિત્તે શોભાયાત્રા નીકળી હતી. અમદાવાદ ગાદીના આચાર્યકૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજે પારાયણ પૂર્ણાહુતિ બાદ આશીર્વચન આપ્યા. આચાર્ય દ્વારા યજમાન સ્વ. ચંદુલાલ કોદરલાલ પરિવારના રમેશભાઈ (મુંબઈ)નું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

➢ કમિશ્નર ગાંધીનગરના ઉપક્રમે બાળ મરણનું અને માતૃમરણનું પ્રમાણ ઘટાડવાના હેતુથી નિશાળ ચોકમાં ‘લાલબત્તી’ નાટક ભજવવામાં આવ્યું. વિશાળ સંખ્યામાં નગરજનો, અધિકારીઓ હાજર રહ્યાં. પથિક થિયેટર અમદાવાદના કલાકારોએ નાટક પસ્તુત કર્યું.

***- ‘ઈશારો’માંથી સંકલિત***

---

## સદા દૂર ને દૂર

જેમ જેમ આગળ આગળ આવુ હું  
તેમ તેમ દૂર તું થાય છે.  
જેમ જેમ દર્શન કરવા તલસું હું  
તેમ તેમ અધિક સંતાય છે  
હૃદય અનુભવે જાણ્યુ તે છે  
પાસેથી બહુ પાસે રહ્યો  
ક્યાં તું પમાય છે.  
શાંતિ ન વળે મનમાં મુંઝાઉ  
ફરી ફરી વળી પાછી આવું  
હું આવુ મળવા તું ચાલ્યો જાય છે  
વિનંતી કરી કરી હારી, જવાબ  
નથી દેતો શું દોષ છે મારો ?  
હારી પડી છુ તું જ ચરણે  
તું છોડીશ પણ હું નહીં છોડુ  
સદાય પાછળ પાછળ આવીશ  
જીવન જોડી દઈશ તારા ચરણોમાંજ

*– રૂપલ રજનીકાંત પરીખ (વડદલાવાળા)*

# NAMES OF THE WINNERS OF INDOOR GAMES FOR THE YEAR 2005-2006



### I. CARROM SINGLE (JUNIOR)

1) Reetik Nitin Parikh
2) Shremik Shah
3) Sahil Sanjay Sheth

### II. CARROM SINGLE (SENIOR)

1) Bhavik Rajesh Dharia
2) Devang V. Parikh
3) Bipin Modi

### III. CARROM DOUBLE (JR.)

1) Aman Kadakia - Soham Mody
2) Avish Kadakia - Jekin Parikh
3) Roneil Parikh - Shrenik Shah

### IV. CARROM DOUBLE (SR.)

1) Bhavin Rajesh Dharia - Uday shah
2) Nilesh Parikh - Kevel Dharia
3) Sunil Parikh - Bhavik Desai

### V. CARROM SINGLE (LADIES)

1) Saifali M. Kadakia
2) Pratiksha Gandhi
3) Chandra V. Parikh

### VI. CARROM MIX - DOUBLES

1) Devang V. Parikh - Pratiksha Gandhi
2) Jignesh K. Kadakia - Saifali M. Kadakia
3) Ajit N. Modi - Mayuri Nilesh Parikh

### VII. CARROM SUPER HIT MUKABALE

1) Uday Shah - Saishav Shah
2) Manoj Kadakia - Aman Kadakia
3) Dharmesh Parikh - Jeking Parikh

### VIII. CHESS (JR.)

1) Shrinik Shah
2) Romil Parikh
3) Purav Gandhi

### IX. CHESS (Sr.)

1) Viral Gandhi
2) Vinil Kadakia
3) Jay Parikh

### X. TABLE -TENNIS

1) Ketan R. Gandhi
2) Uthav P. Modi
3) Parag N. Kadakia

### XI. BADMINTON

1) Roneil Parikh
2) Kunal Parikh
3) Akshit Parikh

***All the above winners are requested to be present at Balasinor Navyuvak Sangh office on 25th June'06 at 5 p.m. to collect their prizes.***

***Convener : Ajit N. Modi***
***Mantree : Pradip Kadakia***

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત
# મેરેજ બ્યુરો

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ છેલ્લા ૩૭ વર્ષોથી બાલાસિનોર દશાનીમા વણીક જ્ઞાતિ સાથે કૌટુંબીક રીતે સંકળાયેલું છે. આ સંસ્થા તરફથી લગ્ન બ્યુરો દ્વારા દરેક લગ્ન વાન્છુક કુટુંબોને હૃદયપૂર્વક સંપુર્ણ સાથ સહકાર સાથે મદદરૂપ થવા માંગીએ છીએ તો દરેક ઉમેદવારોએ ફોર્મ ભરવા વિનંતી છે.

ફોર્મ નીચે જણાવેલ સભ્યો પાસેથી મળી શકશે. ફોર્મ મળ્યા પછી અમારો સંપુર્ણ સહકાર આપશું. આપની સાથે વિચારોની આપ લે કરી મુલાકાત પણ ગોઠવી આપીશું. તથા જરૂર પડે જન્માક્ષર પણ મેળવી આપશું.

**ખાસ નોંધ :** આ સાથે જણાવવાનું કે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ અખીલ ભારતીય દશાનીમા વણીક સમાજના સંપર્ક અને સહયોગમાં છે. બાલાસિનોર બહારના દશાનીમા વણીક જ્ઞાતિના ઉમેદવાર સાથે મુલાકાત ગોઠવી નક્કી કરી આપશું તથા તેના લગ્ન મેળાવડામાં પણ આપની ઉમેદવારી નોંધાવી આપશું.

ગત વર્ષે આ પ્રવૃત્તિ દ્વારા અમો સમાજના ચાર કુટંબોના બે લગ્ન મેળાપ કરી આપવામાં સફળ થયા હતા, આજ રીતે આ વર્ષે પણ આ પ્રવૃત્તિને વેગ મળશે એવી અપેક્ષા.

*પરેશ રસીકલાલ પરીખ (દુધવાળા) - સંયોજક*

## મેરેજ બ્યુરોની સમિતિના નામ નિચે મુજબ છે

| | સભ્યોના નામ | ટેલી.નંબર (ઓફીસ) | ટેલી. નંબર (ઘર) |
|---|---|---|---|
| ૧) | પરેશ રસીકલાલ પરીખ | ૨૩૪૪૧૯૨૬ | ૨૪૯૪૫૨૫૬ |
| ૨) | મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય) | ૨૩૪૨૩૫૩૪ | ૨૩૮૫૬૨૪૯ |
| ૩) | રજનીકાંત કાંતિલાલ કડકિયા (ધરીવાલા) | ૨૨૦૪૪૫૨૨ | ૨૩૬૭૯૫૮૭ |
| ૪) | રજનીકાંત કાંતિલાલ કડકિયા (લટકારી) | ૨૩૪૨૧૩૧૭ | ૨૫૧૬૦૭૭૧ |
| ૫) | દક્ષેશ બાબુલાલ કડકિયા (લટકારી) | ૨૩૪૩૯૯૫૮ | ૨૩૮૬૮૪૩૦ |
| ૬) | રાજેશ કીર્તનલાલ દેસાઈ (લાટવાલા) | ૨૨૦૬૯૧૯૬ | ૨૩૮૦૦૭૬૨ |
| ૭) | ઉર્વિશ રસિલાલ મોદી (દેવ) | ૨૮૫૦૫૮૧૪ | ૨૩૬૭૨૬૭૯ |
| ૮) | નીનાબેન નીકુંજભાઈ કડકીયા (મલમ) | ------ | ૨૩૬૭૩૪૨૦ |
| ૯) | મુન્નીબેન પ્રકાશભાઈ ધારીઆ | ------ | ૨૩૬૭૭૭૮૭ |
| ૧૦) | જતીન નવનીલાલ દેસાઈ | ૨૨૦૬૦૦૯૦ | ૨૩૮૦૪૨૯૨ |
| ૧૧) | રૂપીન પુનમચંદ કડકીઆ | ૨૩૪૨૦૨૨૦ | ૨૩૫૧૫૪૯૪ |
| ૧૨) | નીતીન જયંતીલાલ પરીખ | ૨૩૪૨૭૬૫૦ | ૨૩૦૯૯૮૩૧ |
| ૧૩) | દીપીકાબહેન સુધીરભાઈ ગાંધી | ------ | ૨૪૩૦૯૯૮૩ |

## ''પથિક''

રંજ ન કરતો પથિક, કર્મનું પ્રતિક બનજે!
આ તો કુદરતનો ક્રમ, મૃત્યુ ઉકેલ છે

રડતાં જગે જાણ્યું, હસતાં વિદાય લેજે!
કર્મ એવું કરજે, સુવાસ મહેકતી રહેશે!

અષ્ટાક્ષર મંત્ર થકી, અંત સફળ થાશે
અભિલાષા રાખજે મનમાં, દર્શન શ્રીજી દેશે

*- 'ચાંદશા' ચંદ્રકાંત શાહ (ચટઈ)*

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
**આયોજીત**
**ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત**

**ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો આ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર, પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.**

**શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.**

**વધુ વિગત માટે સંપર્ક કરો.**
**મંજુલ શૈલેષ ધારીઆ**
**:૨૪૯૩૩૬૧૮ • ૫૬૮૦૨૪૪૧**
**૯૮૨૦૧૩૫૦૧૪**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) **ભૂપેન્દ્રરાય મુકુંદપ્રસાદ ભટ્ટ**
બી/૫૦૧-૫૦૨, સ્વસ્તીક પાર્ક,
રોડ નં.-૧૭, ૩૨૭/૩૨૮ જવાહર નગર,
ગોરેગાવ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૨.

## નવા ફોન નંબર

૧) **ડૉ. રજત મોદી**
ઘરઃ ૨૮૯૩ ૨૩૨૮
ઓઃ ૨૮૯૦ ૪૪૦૫
મો.: ૯૮૬૭૦૬૮૪૪૪
**ડૉ. આશિષ મોદી**
મો.: ૯૮૨૧૩૯૨૯૨૦

૨) **નવનીતલાલ ચુનીલાલ કડકીઆ (મલમ)**
ઘર : ૨૩૬૧ ૨૯૫૯
મો.: ૯૮૧૯૪૪૮૩૩૨

## તેજસ્વી તારલાં

૧) કુમારી રીતિ કિરણ શાહ II MBBS. વર્ષ ૨૦૦૪માં ૭૩.૦૯% સાથે પાસ થયા છે. એમને સંસ્થાવતી હાર્દિક અભિનંદન.

૨) પ્રિત કિરણ શાહ I B.D.S. વર્ષ ૨૦૦૫માં ૬૬.૬૭% સાથે પાસ થયા છે. એમનો સંસ્થાવતી હાર્દિક અભિનંદન.

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જ્યોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**